## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



સાહેબ, આ છોકરીને દંડ કરવા જેવો નથી... ખાલી ચડ્ડી જ ફાટેલી છે આગળ માસ્ક તો નવો અને આખો છે.

# ગાંધીનગર ડેપોને ઓનલાઈન બુકીંગની આવકમાં ૪૯ લાખનો ઘટાડો

## ગત એપ્રિલથી નવેમ્બર મહીના દરમિયાન એસ.ટી.ને ૫૫.૧૮ લાખની આવક થઇ હતી જયારે ચાલુ વર્ષ દરમિયાન માત્ર ૬.૭ લાખની આવક

ગાંધીનગર, તા. ૪

કોરોનાના વધતા કહેર વચ્ચે આમ નાગરિકો જાહેર વાહન સેવા કરતા પોતાની કાર કે ખાનગી વાહનમાં પરિવહન કરવાનુ પસંદ કરે છે. જયારે આ સ્થિતિ વચ્ચે એસ ટી ની સલામત સવારીને હજુ પુરતો ટ્રાફિક મળતો નથી. બીજીતરફ ઓનલાઈન બુકીંગની આવકમાં પણ એસ ટી ને ઘરખમ ખોટ થઈ છે. ગત વર્ષની સાપેક્ષમાં કોરોના કાળ દરમિયાન આ ઓનલાઈન બુકીંગની આવકમાં રૂ ૪૯.૧૧ લાખની ખોટ કરી છે.

કોરોના કાળમાં વેપાર ઉદ્યોગો પર માંઠી અસર પડી છે. જયારે ગત દિવાળીથી વેપાર ઉદ્યોગોને પ્રમાણમાં વેગ મળતા નવજીવન મળ્યુ છે. બીજીતરફ કોરાનાના વધતા સંક્રમણને અટકાવવા માટે નાગરિકો વધુ સજાગ બન્યા છે. કોરાનાના કેસ રોજબરોજ વધતા સોશિયલ ડીસ્ટન્સીંગ તેમજ માસ્કનો ઉપયોગ કરવો પણ ફરજિયાત બન્યો છે. ત્યારે હજુ પણ આમ નાગરિકો ગાંધીનગર અમદાવાદ કે લાંબા અંતરમાં જવા માટે જાહેર વાહન સેવાનો ઉપયોગ કરતા નથી. અલબત્ત એસ ટી બસમાં જવાનુ પણ ટાળે છે. મુસાફરોને સલામત સવારીમાં પણ સલામતી નો અનુભવ થતો નથી. જેના લીધે કોરોના કાળના ૯ મહીનાના લાંબા સમય બાદ પણ હજુ પણ એસ ટી બસ સેવાના પૈડા પાટે ચઢયા નથી. જેના લીધે શહેરી બસ સેવામાં પણ હજુ પુરતો ટ્રાફિક જોવા મળતો નથી. કોરોનાના પ્રારંભિક તબક્કે લોકડાઉનના અંતે એસ ટી નિગમ દ્વારા તબક્કાવાર મોટાભાગના તમામ રૂટોની બસ સેવા શરૂ કરી દેવામાં આવી હતી. જયારે હાલમાં પણ વોલ્વો બસ સહીત તમામ લાંબા ટુંકા અંતરની બસ સેવા કાર્યરત છે. પરંતુ એસ ટી ની આવકમાં ધરખમ ઘટાડો જોવા મળી રહ્યો છે. વર્ષ ૨૦૧૯ માં એપ્રિલ થી નવેમ્બર દરમિયાન ગાંધીનગર ડેપોને ઓનલાઈન બુકીંગ અન્વયે રૂ ૫૫.૧૮ લાખની આવક થઈ હતી જયારે આ વર્ષે અલબત્ત વર્ષ ૨૦૨૦ ના આ સમયગાળા દરમિયાન ડેપોની આવકમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ચાલુ વર્ષ દરમિયાન ગાંધીનગર ડેપોએ આ સમયગાળા દરમિયાન ઓનલાઈન બુકીંગ અન્વયે માત્ર ૬.૭ લાખની આવક મેળવી છે. આમ ગત વર્ષની સાપેક્ષમાં ગાંધીનગર ડેપોને રૂ ૪૯.૧૧ લાખની ખોટ થઈ છે. આ ખોટ માત્ર ઓનલાઈન બુકીંગ અન્વયે છે. જયારે અન્ય મુસાફર પાસ સહીતની યોજના લગ્નવર્ધી કે અન્ય સરકારી કાર્યક્રમો અન્વયે થતી આવકમાં પણ મીંડુ ચિતરાયેલુ છે. જયારે શહેરી બસ સેવામાં પણ મુસાફરોની સંખ્યામાં ૫૦ ટકાનો ઘટાડો થયો છે જેના લીધે એસ ટી તંત્રને સતત આર્થિક ખોટ સહન કરવી પડે છે. જયારે ઓનલાઈન બુકીંગ અન્વયે થતી આવકનો આંકડો પણ એસ ટી તંત્ર માટે ચિંતાજનક છે.

## ખૂણેખાંચરેથી

● રાજયના અધિક મુખ્ય સચિવશ્રી પંકજકુમારે આજે તમામ જિલ્લાના કલેકટરો સાથે કોવિડની સ્થિતિ તેમજ મહેસુલ વિભાગની કામગીરી અંગે વિડીયો કોન્ફરન્સથી વિસ્તૃત સમીક્ષા કરી હતી.

● ગાંધીનગર શહેરમાં ૧૨ જેટલા શિક્ષકો અને તેમના પરિવારના સભ્યો કોરોનાથી સંક્રમિત થયા છે.

● ગાંધીનગર જિલ્લામાં આજે ૧૮૫૪ જેટલા કોરોનાના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જેમાં ૧૪૭૮ એન્ટીજન અને ૪૩૭ જેટલા આર.ટી.પી.સી.આર. ટેસ્ટ કરાયા હતા.

● ગાંધીનગર જિલ્લામાં આજે ૫૪ કેસ કોરોનાના નોંધાવાનું તંત્ર એ જણાવ્યું છે.

● ગાંધીનગર મહાનગરપાલિકાના પ્રથમ મજલે સીડી નજીક સેનીટાઈઝેશન મશીન જે મુકવામાં આવ્યું છે તે છેલ્લા એક સપ્તાહથી બંધ હાલતમાં ખોટવાયેલું પડયું છે.

● ગાંધીનગર જિલ્લામાં જન્મ-મરણની નોંધણી ૮૭ ટકા જેટલી જ થઈ હોવાથી જિલ્લા આરોગ્ય તંત્રને આ કામગીરી ૧૦૦ ટકા થાય તે માટે સૂચના સરકારમાંથી અપાઈ હોવાનું જાણવા મળેલ છે.

**ઘરમાં રહો સુરક્ષિત રહો**

# રાજ્યમાં કોરોના વેક્સિનેશન માટે વહીવટીતંત્ર સંપૂર્ણ સજ્જ

### રાજ્યમાં તાલુકા કક્ષા સુધી ટાસ્કફોર્સની રચના : વેક્સિન સ્ટોર અને કોલ્ડચેઇન પોઇન્ટનું ટેકનિકલ ઓડિટ પણ સંપન્ન

ગુજરાતમાં કોવિડ-૧૯ના વેક્સિનેશન માટે વહીવટી તંત્ર સંપૂર્ણ સજ્જ છે. રાજયના તમામ ૩૩ જિલ્લા અને ૨૪૮ તાલુકા અને કોર્પોરેશન કક્ષાએ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે. એટલું જ નહીં, આ ટાસ્ક ફોર્સે જરૂરી આયોજન પણ કરી લીધું છે. ગુજરાતમાં વેક્સિનના સ્ટોરેજ માટે ઝોન કક્ષાએ ૬ વેક્સિન સ્ટોર, જિલ્લા અને કોર્પોરેશન કક્ષાએ ૪૧ સ્ટોર અને છેક અંતરિયાળ વિસ્તાર સુધી પહોંચવા ૨,૧૮૯ કોલ્ડ ચેઇન પોઇન્ટ આજની પરિસ્થિતિએ ઉપલબ્ધ રાખવમાં આવ્યા છે તમામ સ્ટોર ખાતેના સાધનોનું ટેકનિકલ ઓડિટ પણ પૂર્ણ કરવામાં આવ્યું છે.

રાજયના મુખ્ય સચિવ શ્રી ડૉ. અનિલ મુકીમના અધ્યક્ષપદે આજે રાજયકક્ષાની સ્ટીયરીંગ કમિટિની એક મહત્વની બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં ગુજરાતમાં વેક્સિનેશન માટેના આયોજનની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી.

ભારત સરકારની ગાઇડલાઇન મુજબ ગુજરાતે વેક્સિનેશન માટેનું આયોજન શરૂ કરી દીધુ છે. પ્રથમ તબક્કામાં હેલ્થકેર વર્કર્સની માહિતી તૈયાર કરવામાં આવી રહી છે. આજ સુધીમાં રાજ્ય સરકારના ૨.૭૧ લાખ આરોગ્યકર્મીઓ અને ૧.૨૫ લાખ ખાનગી આરોગ્ય કર્મીઓ મળીને કુલ ૩.૯૬ લાખ હેલ્થકેર વર્કસની માહિતી એકત્ર કરવામાં આવી છે. બીજા તબક્કામાં ફ્રન્ટલાઇન કોરોના વોરિયર્સની માહિતી એકત્ર કરવાની સૂચના વહીવટી તંત્રને આપવામાં આવી છે.

ગાંધીનગરમાં મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષ પદે આજે યોજાયેલી સ્ટેટ સ્ટીયરીંગ કમિટીની મહત્વની બેઠકમાં વરિષ્ઠ સનદી અધિકારીશ્રીઓ શ્રી પંકજ કુમાર, શ્રી મનોજ અગ્રવાલ, શ્રી એ.કે.રાકેશ, શ્રી નલિન ઉપાધ્યાય,

શ્રી વિનોદ રાવ, શ્રી રાજકુમાર બેનિવાલ, શ્રીમતી મનીષા ચંદ્રા, શ્રી અશોક કાલરિયા, આરોગ્ય કમિશનર શ્રી જયપ્રકાશ શિવહરે, શ્રી મુકેશ.એ.પંડયા, સહિત અન્ય વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અગ્ર સચિવ શ્રીમતી ડૉ. જયંતી રવિએ રાજયમાં વેક્સિનેશનના આયોજનની વિગતવાર માહિતી આપી હતી.





સત્યાગ્રહ છાવણી, સે-૬, ગાંધીનગર ખાતે જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સૂર્યસિંહ ડાભીની આગેવાની હેઠળ વિરોધ પ્રદર્શન અને કલેક્ટરશ્રીને આવેદનપત્ર આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સર્વે તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ રશ્મિજી ઠાકોર, પ્રવિણસિંહ ઠાકોર, ગિરવતસિંહ ચાવડા, જિલ્લા સદસ્યો અરવિંદસિંહ સોલંકી, દિનુભાઈ ઠાકોર, ગાંધીનગર તાલુકા પંચાયત પ્રમુખ ગોપાલજી ઠાકોર, શનાભાઈ ચૌધરી, બાબુસિંહ ઝાલા, કાળુસિંહ ડાભી, રમણજી ઠાકોર, મનોજભાઈ અમિન, સંજયભાઈ વાઘેલા, સુહાગ પંચાલ, સુરેશ ચૌધરી, ખુમાનસિંહ રાણા, અમિત પારેખ, ચીમનભાઈ પરમાર, અશોકભાઈ ચૌધરી, મુકેશ મારૂ, કિરીટભાઈ પરેરા,મેહુલભાઈ સોલંકી, ભાવિન પરમાર સહિત મોટી સંખ્યામાં સૌ કોંગ્રેસજનો, ચુંટાયેલા જન પ્રતિનિધિઓ, આગેવાનો, કાર્યકરોએ ઉપસ્થિત રહ્યા હતા. સદર કાર્યક્રમ ડિસ્ટન્સિંગ જાળવી, માસ્ક પહેરીને યોજાયો હતો. આ પ્રસંગે સેનેટાઈઝરનો પણ વ્યાપક ઉપયોગ કરાયો હતો તેવું ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિની અખબારી યાદીમાં મહામંત્રી મંગળસિંહ સોલંકીએ જણાવ્યુ હતું.

# ઝુંડાલ કલ્તપતરૂ પાર્ક સોસાયટી ખાતે માતા-પુત્રી પર પાડોશીનો હુમલો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર નજીક આવેલા ઝુંડાલ ગામની સીમમાં કલ્પતરુ પાર્ક મિલેનીયમ કો. હાઉસીંગ સોસાયટી ખાતે માતા-દિકરી પર પાડોશી પરિવારના સભ્યોએ હુમલો કરીને જાતિ વિષયક શબ્દો બોલતા પોલીસ ફરીયાદ નોંધાઈ છે. બાબુભાઈ પનાભાઈ વણકર (ઉં.૬૮ રહે.ડી.૨૭૫) એ આ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. જે મુજબ તેઓ અહી પતિ બે પુત્રો સહિતના પરિવાર સાથે રહે છે.ફરીયાદ મુજબ બાબુભાઈ પર ગુરૂવારના સાંજના સુમારે પત્નિનો ફોન આવ્યો હતો. જેમાં પત્નિએ કહ્યું હતું કે સામેના બ્લોક નં.ડી.૨૬૮ ખાતે ભાડેથી રહેતા દિનેશભાઈ દેવીપૂજક તેમની પત્ની પ્રવિણા બેન અને દિકરી સુનિતા અને દિકરા વિશાલે ઘર આગળ આવીને મારામારી કરી હતી. જેમાં તેઓએ મોટામોટા અવાજે વાતો કરો છો કહી દિનેશભાઈ ઘર પાસે આવીને અપશબ્દો બોલવા લાગ્યા હતા. જેને પગલે બાબુભાઈની દિકરીએ કોને બોલો છો કહેતા તેઓએ જાતિ વિષયક શબ્દો બોલ્યા હતા.ત્યારબાદ દિનેશભાઈ અને વિશાલ છુટ્ટા પથ્થર મારવા લાગ્યા હતા.

જયારે પ્રવિણાબેન અને સુનિતા બાબુભાઈની દિકરી સાથે ઝપાઝપી કરીનો ગડદાપાટુનો માર મારવા લાગ્યા હતા. સ્થાનિક નાગરીકો દોડી આવતા ચાર વ્યકિતઓએ અન્ય વ્યકતિને બોલાવી પગ ભાંગી નાંખવાની ધમકી આપી નાસી ગયા હતા. પત્નીના ફોનને પગલે બાબુભાઈ ઘરે આવ્યા ત્યારે દિનેશભાઈએ જયાં ફરીયાદ કરવી હોય ત્યા કરી દો, તુ પણ બહાર નીકળે ત્યારે તારા હાથ પગ ભાગીને જાનથી મારી નાંખીશ કહ્યું હતું. ઝઘડામાં બાબુભાઈની દિકરીને હાથે તેમજ ડાબા પગે તેમજ પત્નીને ડાબા હાથે પથ્થર વાગ્યો હતો. જેને પગલે સમગ્ર મુદ્દે બાબુભાઈ વણકરે ફરીયાદ નોંધાવતા અડાલજ પોલીસે મારામારી જાનથી મારી નાંખવાની ધમકી અને જાતિ વિષયક શબ્દો બોલવા બદલ ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી છે.





કોરોના કાળમાં હાલ માસ્ક જ તેનાથી બચવાનું સૌથી કારગત હથિયાર છે. બહાર નીકળો એટલે માસ્ક ભુલ્યા વગર પહેરવું જોઈએ. કોરોના સંક્રમણ વધ્યું છે ત્યારે માસ્ક પહેરવા બાબતે હજુ કયાંક કયાંક બેદરકારી જોવા મળે છે. સેકટર-૨૧ના મુખ્ય બજારમાં હજુ ઘણા વસાહતીઓ માસ્ક પહેર્યા વગર ફરતા જોવા મળી રહ્યા છે. કોરોનાનો જાણે તેમને કોઈ ભય જ નથી.

# કૃભકો અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા દ્વારા જાખોરા ખાતે રવિ પાક પરિસંવાદ યોજાયો



ગાંધીનગર, તા. ૪

જીલ્લાના જાખોરા ગામ ખાતે કૃષક ભારતી કો.ઓ.લીમીટેડ (કૃભકો) અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજાના સંયુક્ત ઉપક્રમે ખેડૂત ભાઈઓ માટે રવિ પાક પરિસંવાદ કાર્યક્રમ યોજાયેલ. આ કાર્યક્રમમાં કૃભકોના સીનીયર એરીયા મેનેજર આર.કે. પટેલ, ગાંધીનગર સેવા સહકારી મંડળીના ચેરમેન કોદરભાઈ પટેલ, કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વિષય નિષ્ણાંત ભરત હડિયા, કૃષિ તજજ્ઞ ઘનશ્યામભાઈ રાબડીયા તેમજ કૃભકોના માર્કેટીંગ ઓફિસર પ્રતિક કૈલા ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમમાં ખેડૂતોને નિષ્ણાંતો દ્વારા રવિ પાકોમાં ખાતર વ્યવસ્થાપન, જૈવિક ખાતરોની અગત્યતા, જમીન ચકાસણી અને તેના ફાયદાઓ તેમજ ખેતીમાં ખર્ચ ઘટાડવા માટેના ઉપાયો જેવા વિષયો પર માર્ગદર્શન આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં ઉપસ્થિત ખેડૂતોને કૃભકોના સહયોગથી પ્રવાહી જૈવિક ખાતરનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## કોરોનાના સ્વૈચ્છિક ટેસ્ટ માટે ડૉકટરની ભલામણની જરૂર નહિ

ગાંધીનગર, તા. ૪

રાજયના આરોગ્ય વિભાગ દ્વારા જણાવાયાનુસાર ICMRની નવી ટેસ્ટીંગ ગાઈડલાઈન અનુસાર જે નાગરીકો સ્વેચ્છિક કોરોનાનો ટેસ્ટ કરાવવા માંગતા હોય તેઓએ હવે ડોકટરના ભલામણ કે પ્રિસ્કીપ્શનની જરૂરીયાત રહેશે નહી.

યાદીમાં વધુમાં જણાવાયાનુસાર કોવિડ-૧૯ રોગચાળા અન્વયે રાજયમાં સરકારી અને ખાનગી લેબોરેટરીમાં ટેસ્ટીંગ માટે રાજ્ય સરકાર દ્વારા ટેસ્ટ કરવા માટેની મંજુરી આપવામાં આવી છે. આ નવી ગાઈડલાઈન અનુસાર જે લોકો હવે સ્વૈચ્છિક કોવિદ-૧૯નો ટેસ્ટ કરાવવા માંગતા હોય તો તેઓને ડોકટરના ભલામણ કે પ્રિસ્કીપ્શનની જરૂરીયાત રહેશે નહી.


**ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા**

વર્ષ - ૨૦૨૦-૨૦૨૧

**ગાંધીનગર મહાનગરપાલિકા**

બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેતી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટેન્ડર નંબર | કામનું નામ | ટેન્ડર ફી | ઈ.એમ.ડી. |
|---|---|---|---|
| ૪૦/૨૦૨૦-૨૧ | ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં પાલજ ગામ ખાતે રામજી મંદિર પાછળના કોતરમાં પ્રોટેક્શન વૉલ બનાવવાની કામગીરી | રૂ. ૧,૫૦૦/- | રૂ. ૨૮,૯૩૮/- |

ટેન્ડર ફોર્મ તા. ૫/૧૨/૨૦૨૦ થી તા. ૧૯૧૨/૨૦૨૦ સુધી સમય ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમ.ડી.ના ડીમાન્ડ ડ્રાફ્ટ તા. ૨૧/૧૨/૨૦૨૦ થી ૩૧/૧૨/૨૦૨૦ સમય ૧૮:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓનલાઈન ઓપનીંગ તા. ૧/૧/૨૦૨૧ કરવામાં આવશે.

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર

માહિતી/૧૩૯૬/૨૦૨૦-૨૧



**ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા**

વર્ષ - ૨૦૨૦-૨૦૨૧

**ગાંધીનગર સ્માર્ટ સિટી ડેવલોપમેન્ટ લી.**

**ગાંધીનગર મહાનગરપાલિકા**

બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે ગાંધીનગર સ્માર્ટ સિટી ડેવલોપમેન્ટ લી. દ્વારા નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કરવાના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટે. નં. | કામનું નામ | ટેન્ડર ફી | ઈ.એમ.ડી. |
|---|---|---|---|
| GSCDL-infra-19 /2020-21 | “QAULITY ASSURANCE” (QA) for the Project of “Design and Construction of Four laning of sector level roads & approach roads of Sector 7, 11, 17, 21, 22 in Gandhinagar City” and “Design and Construction of Four laning of sector level roads & approach roads of Sector 1 to 6, 8, 12, 13, 14, 16, 19, 20, 23, 24, 26 to 28, 29, 30 Gandhinagar City” | 6000/- | 63,720/- |

ટેન્ડર ફોર્મ તા. ૫/૧૨/૨૦૨૦ થી તા. ૧૯/૧૨/૨૦૨૦ સુધી સમય ૧૬:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના કોઈપણ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી www.nprocure.com પર મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર ફીની રકમ ડીમાન્ડ ડ્રાફ્ટમાં તથા ઈ.એમ.ડી.ની રકમ FDR સ્વરૂપે CEO, Gandhinagar Smart City Development Ltd. ના નામે તા. ૨૮/૧૨/૨૦૨૦ સમય ૧૬:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટ અથવા સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે. તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓનલાઈન ટેકનીકલ ઓફર ઓપનીંગ તા. ૨૮/૧૨/૨૦૨૦ના રોજ ૧૬:૦૫ કલાકે કરવામાં આવશે.

સ્થળ : ગાંધીનગર
તા. : ૪-૧૨-૨૦૨૦
માહિતી/૧૪૦૪/૨૦-૨૧

સહી/-
સી.ઈ.ઓ.
ગાંધીનગર સ્માર્ટ સિટી ડેવલોપમેન્ટ લીમીટેડ



**મતદારયાદીની સુધારણા-૨૦૨૧**

૦૧-અબડાસા, ૬૧-લીંબડી, ૬૫-મોરબી, ૯૪-ધારી, ૧૦૬-ગઢડા (અજા) ૧૪૭-કરજણ, ૧૭૩-ડાંગ(અજજા) અને ૧૮૧-કપરાડા (અજજા) વિધાનસભા મતવિભાગ સિવાય.

*Electoral Literacy for Stronger Democracy*

**મતદારયાદીમાં નામ નોંધાવવા માટેની અમૂલ્ય તક**

**તા.૦૬-૧૨-૨૦૨૦ (રવિવાર) ના રોજ ખાસ ઝુંબેશ**

**મતદારયાદીમાં નામ નોંધાવવા, રદ કરાવવા, કોઈ નામ સામે વાંધો લેવા અને નામ તથા અન્ય વિગતો સુધારવા શું કરશો ?**

❖ તા.૦૧-૦૧-૨૦૨૧ ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના નાગરીકનું નામ નોંધાવવા માટે **નમૂના-૬ (ઉંમર તથા રહેઠાણના પુરાવા સહિત)**માં અરજી કરવી, જેમાં આપના પાસપોર્ટ સાઈઝનો **કલર ફોટોગ્રાફ** નિયત જગ્યાએ ચોંટાડવો, જેથી નામ દાખલ કરતી વખતે મતદારયાદીમાં આપના નામની સામે આપનો ફોટો પણ આવી શકે.
❖ મતદારયાદીમાં કોઈ નામ સામે વાંધો લેવાનો હોય તો તે માટે અથવા મતદારયાદીમાંથી નામ રદ કરાવવા માટે **નમૂના-૭** માં અરજી કરવી.
❖ મતદારયાદીમાં નોંધાયેલ પોતાનું નામ, ફોટો તથા અન્ય વિગતો સુધારવા **નમૂના-૮** માં અરજી કરવી.
❖ એક જ વિધાનસભા મતવિભાગના એક ભાગમાંથી બીજા ભાગમાં નામ તબદીલ કરવા માટે **નમૂના-૮(ક)** માં અરજી કરવી.

- **ઉપર્યુકત નમૂના કલેકટર કચેરી, મતદાર નોંધણી અધિકારી/મદદનીશ મતદાર નોંધણી અધિકારીની કચેરી, પ્રાંત/મામલતદાર કચેરી તેમજ બુથ લેવલ ઓફીસર પાસેથી વિનામૂલ્યે મેળવી શકશો તેમજ આ નમૂના ભરીને જરૂરી પુરાવા સાથે ત્યાંજ આપી શકશો.**
- **ઉપરાંત ચૂંટણી પંચની વેબસાઇટ www.voterportal.eci.gov.in, www.nvsp.in તથા www.ceo.gujarat.gov.in પર આપ ઓનલાઇન અરજી પણ કરી શકશો.**

**તા.૦૬-૧૨-૨૦૨૦ (રવિવાર) ના રોજ ખાસ ઝુંબેશના દિવસે સવારે ૧૦-૦૦ થી સાંજે ૫-૦૦ કલાક દરમ્યાન આપના વિસ્તારના મતદાન મથક ખાતે બુથ લેવલ ઓફીસર મારફત આ નમૂના મેળવી શકશો તેમજ ભરેલ અરજીઓ તે જ સ્થળે આ દિવસે પરત આપી શકશો**

**મતદારયાદીમાં નામ કેવી રીતે ચકાસી શકાય?**

- ચૂંટણી પંચની વેબસાઇટ www.voterportal.eci.gov.in, www.nvsp.in તથા www.ceo.gujarat.gov.in પર ઓનલાઈન
- ટોલ ફ્રી નંબર **૧૯૫૦** પર કચેરી સમય દરમ્યાન ફોન કરીને
- ચૂંટણી પંચની મોબાઈલ એપ્લીકેશન **"VOTER HELPLINE"** દ્વારા
- મોબાઈલ થી ૧૯૫૦ નંબર ઉપર **ECI<SPACE>આપનો મતદાર ઓળખપત્ર નંબર** લખી SMS મોકલી આપવાથી આપની મતદારયાદીમાંની વિગતો, અને તે જ પ્રમાણે **ECICONTACT<SPACE>આપનો મતદાર ઓળખપત્ર નંબર** લખી SMS મોકલી આપવાથી આપના વિસ્તારના બુથ લેવલ અધિકારીની વિગતો જાણી શકાશે

**આપની પાસે મતદાર ફોટો ઓળખપત્ર હશે પણ મતદારયાદીમાં નામ નહી હોય તો આપ મતદાન કરી શકશો નહી, આથી જો મતદાર ફોટો ઓળખપત્ર હોય તો પણ મતદારયાદીમાં આપનું નામ હોવાની ખાત્રી કરી લો જેથી યથા સમયે ચૂંટણીમાં મતદાન કરવામાં આપને મુશ્કેલી ન પડે**

**મુખ્ય ચૂંટણી અધિકારી, ગુજરાત**

માહિતી/૧૪૦૬/૨૦-૨૧